# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1) રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા.

2) ગાંધીનગરના ખોરજ ખાતે અત્યાધુનિક અવકાશ ઉત્પાદન પાર્ક વિકસાવાશે.

3) દેશના પ્રથમ સ્વદેશી લશ્કરી પરિવહન વિમાન 'C-295 એ વડોદરા ખાતેથી ઉડાન ભરી.

4) આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી.

5) નેશનલ પેરા સ્વિમિંગ સ્પર્ધામાં સાબરકાંઠાના ધર્મ સગરે એક સુવર્ણ સહિત ત્રણ ચંદ્રક જીત્યા.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RAJYASABHA ELECTION

રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા છે. કેન્દ્રીય ચૂંટણી પંચે જાહેર કરેલી આ ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન હતી જેમાં માત્ર ભાજપના ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની અંતિમ તારીખે એક પણ ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી નહીં. ત્યારે ભાજપના ચારેય ઉમેદવારો જીતેન્દ્ર કણઝરીયા, રાજેશ શુક્લ, માનસિંહ પરમાર અને મુકેશ રાઠવા બિન હરીફ વિજેતા બન્યા હતા. જીત્યા બાદ રાજેશ શુક્લએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: RAJESH SHUKLA, WINNING CANDIDATE)**

આજે વિજેતા થયેલા ચારેય ઉમેદવારો રાજ્યસભામાં રામ મોકરિયા, નરહરિ અમીન, રમીલાબેન બારા અને શક્તિસિંહ ગોહિલનું સ્થાન લેશે.

# PM 12 YEARS

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને 12 વર્ષ પૂર્ણ થતા રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. ત્યારે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ ભાવનગર પશ્ચિમ વિધાનસભા વિસ્તારમાં વ્યાપક જનસંપર્ક પ્રવાસ યોજ્યો હતો. આ અભિયાન અંતર્ગત તેમણે પ્રજાજનો સાથે સીધો સંવાદ સાધ્યો તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપી હતી. ખેડા જિલ્લાના નડિયાદ ખાતે કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીની આગેવાનીમાં પ્રગતિપથ યાત્રા યોજાઈ. દરમિયાન શ્રી સોલંકીએ જિલ્લા રમતગમત સંકુલની મુલાકાત લીધી હતી.

**(BYTE: RAMANBHAI SOLANKI, CABINET MINISTER)**

રાજ્યમંત્રી કાંતિ અમૃતિયાએ મોરબીના ગાંધીચોક ખાતે સ્થિત શહીદ વીર ભગતસિંહજીની પ્રતિમા તેમજ મોરબી મહાનગરપાલિકા કચેરી પરિસરમાં આવેલી બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સાફ-સફાઈ કરી સ્વચ્છતાનો ઉમદા સંદેશ આપ્યો હતો.

નવસારી જિલ્લામાં વાંસદા તાલુકામાં વિકાસકાર્યોની નેમ સાથે પ્રગતિપથ યાત્રા યોજાઈ, દરમિયાન સાંસદ ધવલ પટેલની અધ્યક્ષતામાં જનપ્રતિનિધિઓએ કેલિયા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના અને રંગપુર પ્રાથમિક શાળાની મુલાકાત લીધી. મહેસાણા જિલ્લામાં યોજાયેલી પ્રગતિપથ યાત્રા આજે મોઢેરા સૂર્યમંદિર ખાતે પહોંચી હતી જેમાં વિદ્યાર્થીઓએ સુર્યમંદિરના શિલ્પ સ્થાપત્યો અંગે જાણકારી મેળવી હતી.

# SPACE PARK

દેશના અવકાશ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે, IN-SPACE કેન્દ્ર સરકારના સહયોગથી ગાંધીનગરની ખોરજ GIDC ખાતે અત્યાધુનિક અવકાશ ઉત્પાદન પાર્ક વિકસાવશે. ગુજરાતની સ્પેસ ટેક પોલિસી 2025-30 ના ભાગરૂપે જાહેર કરાયેલ, આ પાર્કમાં પ્રવેશ અવરોધો ઘટાડીને સ્ટાર્ટઅપ્સ અને MSME ને ટેકો આપવા માટે રચાયેલ અદ્યતન સામાન્ય તકનીકી સુવિધાઓ હશે. આ જાહેરાત રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા દ્વારા કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલની હાજરીમાં યોજાયેલા IN-SPACE ઇન્ડસ્ટ્રી કનેક્ટના 10મા સંસ્કરણના ઉદ્ઘાટન પ્રસંગે કરવામાં આવી હતી.

ખોરાજ ખાતે આ સુવિધા ઉચ્ચ-ગુણવત્તાવાળા પરીક્ષણ અને માળખાકીય સુવિધાઓ પ્રદાન કરશે. તેમાં આબોહવા પરીક્ષણ ચેમ્બર, ચુંબકીય ક્ષેત્ર-પરીક્ષણ અને પૃથ્વી નિરીક્ષણ ઓપ્ટિક્સ માટેની સુવિધાઓ પણ હશે. IN-SPACE તકનીકી સહાય અને સાધનો માટે 100 કરોડ રૂપિયા સુધીનું નાણાકીય ભંડોળ પૂરૂં પાડશે, જ્યારે રાજ્ય સરકાર બાંધકામ અને સંચાલન માટે ભંડોળ આપશે.

# GUJ: JITENDRA SINGH

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આજે IIT ગાંધીનગર ખાતે ત્રણ આંતરશાખાકીય સંશોધન ક્લસ્ટરોની શરૂઆત કરી અને કેન્દ્રીય સાધનસામગ્રી સુવિધા, AI ઉત્કૃષ્ટતા કેન્દ્ર અને નવીનીકરણ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. દરમિયાન સભાને સંબોધતા તેમણે દેશમાં આત્મનિર્ભર સંશોધન અને વિકાસ ઇકોસિસ્ટમ બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. ડૉ. સિંહે જાહેરાત કરી કે શાંતિ કાયદા દ્વારા, સરકાર ટૂંક સમયમાં ખાનગી કંપની માટે પરમાણુ ક્ષેત્ર જેવા અદ્યતન ક્ષેત્રો ખોલશે.

# AIRBUS C295

સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે 'મેક ઇન ઇન્ડિયા' અભિયાન અંતર્ગત આજે એક નવો ઇતિહાસ રચાયો છે. દેશના પ્રથમ સ્વદેશી લશ્કરી પરિવહન વિમાન 'C-295 એ આજે વડોદરા ખાતેથી ઉડાન ભરી. C-295, એક આધુનિક, બહુ-ભૂમિકા ટેક્ટિકલ પરિવહન વિમાન છે જેનો ઉપયોગ વિશ્વભરના અનેક દેશોના સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવે છે. આ વિમાન પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓમાં પણ સંચાલન કરવા સક્ષમ માનવામાં આવે છે. તેનો ઉપયોગ સૈનિકો અને લશ્કરી સાધનોના પરિવહન, કાર્ગો સપોર્ટ પૂરો પાડવા, દેખરેખ મિશન હાથ ધરવા અને માનવતાવાદી સહાય, આપત્તિ રાહત પૂરી પાડવા માટે થાય છે. વિમાને વડોદરા ખાતેથી ઉડાન ભરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેને ગૌરવની ક્ષણ ગણાવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

--------------------------------------------------------------------------

**DESK**

# AHMEDABAD BOMB THREAT

મુખ્યમંત્રી કાર્યાલય, AMC અને RSS કાર્યાલયને ગઇકાલે મળેલી બોમ્બની ધમકી મામલે અમદાવાદ સાયબર ગુના શાખાએ તપાસ શરૂ કરી છે. સ્થાનિક પોલીસની તપાસમાં કંઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. આ અંગે સાયબર ગુના શાખાના ACP હાર્દિક માકડિયાએ વધુ માહિતી આપી.

(BYTE: HARDIK MAKADIA, ACP)

# AMC-MONSOON-2026

અમદાવાદ મહાનગરપાલિકા આગામી ચોમાસાની ઋતુ માટે સુસજ્જ છે. શહેરમાં વરસાદ સંબંધિત કોઈપણ પ્રકારની આકસ્મિક પરિસ્થિતિ, પાણી ભરાવાની સ્થિતિ, વૃક્ષ પડવાની ઘટના, ડ્રેનેજ સમસ્યા વગેરે જેવી સમસ્યાઓ અંગે તાત્કાલિક પ્રતિસાદ મળી રહે તે માટે અમદાવાદના મેયર હિતેષ બારોટ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર બંછાનિધિ પાનીના માર્ગદર્શન હેઠળ 24 કલાક કાર્યરત રહે તેવી વિશેષ કંટ્રોલ રૂમ વ્યવસ્થા કાર્યરત કરવામાં આવી છે. નાગરિકોને જરૂરી સહાય ઝડપથી મળી રહે તે અંતર્ગત વિવિધ ટેલિફોન અને વોટ્સએપ નંબરો પણ જાહેર કરવામાં આવ્યા છે.

નાગરિકો 90-990-10-718, 90990-35-920 તેમજ 079-26-58-25-20 અને 079-26-58-25-30 નંબર પર સંપર્ક કરી શકે છે. ઉપરાંત 99-7-83-55-303 આ નંબર પર વોટ્સએપ મારફતે પણ ફરિયાદ નોંધાવી શકાશે અથવા માહિતી મેળવી શકાશે.

AMC દ્વારા ચોમાસા દરમિયાન કોઈપણ પ્રકારની તાકીદની સ્થિતિમાં કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તંત્રને સહકાર આપવા લોકોને અપીલ કરાઇ છે.

# KHATMUHURAT-AMRELI-KAUSHIK VEKARIYA

અમરેલીના લાલાવદરમાં 3 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ઉર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું. પોલીસ હેડક્વાર્ટરમાં નિર્માણ પામનાર અત્યાધુનિક સ્પોર્ટ્સ સંકુલમાં આધુનિક ક્રિકેટ મેદાન, ઇન્ડોર બેડમિન્ટન કોર્ટ, પીકલબોલ કોર્ટ, ટેનિસ કોર્ટ, બોક્સ ક્રિકેટ કોર્ટ, ક્રિકેટ પિચ અને વોલીબોલ કોર્ટ જેવી આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી વેકરીયાએ જણાવ્યું હતું કે રમતગમત એ જીવનનો અભિન્ન ભાગ છે અને તે માટે અમરેલીના યુવાનોને રાજ્યકક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# WEATHER FC

આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે. સાથે જ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ અમદાવાદ સહિત રાજ્યના કેટલાક ભાગોમાં હજુ પણ ગરમી યથાવત રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું કે અમદાવાદમાં રાજ્યનું સૌથી વધુ 42.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

# PARA SWIMMING

બેંગ્લોરમાં યોજાયેલી નેશનલ પેરા સ્વિમિંગ સ્પર્ધામાં સાબરકાંઠાના ધર્મ સગરે એક સુવર્ણ સહિત સહિત ત્રણ ચંદ્રક જીત્યા છે. હિંમતનગરના પ્રતાપગઢ (સાબલી) ગામના આ તરવૈયાએ રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રકની હેટ્રિક સર્જી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. સબ જુનિયરની 'S8' કેટેગરીમાં તેણે 100 મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં માત્ર એક મિનિટે અને 55.56 સેકન્ડના શ્રેષ્ઠ સમય સાથે સુવર્ણ પદક જીતીને દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત, 50 મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધાને 54.07 સેકન્ડમાં પૂર્ણ કરી રજત ચંદ્રક હાંસલ કર્યો. 50 મીટર બેક સ્ટ્રોકમાં પણ તેણે એક મિનિટ અને 2.78 સેકન્ડના સમય સાથે વધુ એક રજત ચંદ્રક જીત્યો હતો.